ફરિયાદ દાખલ તારીખ :૨૦/૦૧/૨૬
રજીસ્ટર કર્યા તારીખ :૨૦/૦૧/૨૬
નિકાલ કર્યા તારીખ : ૧૩/૦૫/૨૬
સમય અવધિ : વર્ષ–માસ–દિવસ

## મહેરબાન ગઢડાના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)

ક્રિમી.કેસ.નંબર :૯૮/૨૦૨૬
આંક :–

**ફરિયાદી:–** સરકારશ્રી.

**–: વિરૂધ્ધ :–**

**આરોપી :–** પ્રકાશભાઈ ઉર્ફે પકો ગોવિંદભાઈ ઘરોળીયા
ઉ.વ.૩૫, ધંધો–મજુરી
રહે. સાળંગપરડા ગામ,
તા.ગઢડા જિ. બોટાદ

**પ્રતિનિધિત્વ:–**
સરકારશ્રી તરફે :– વિ.એપીપીશ્રી.એસ.આર.પટેલ.
આરોપી તરફે :– વિ.વકિલશ્રી.કે.પી.સુંઘરવા

**ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), મુજબનો....**

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૧૧/૧૦/૨૫ ના રોજ કલાક ૧૭–૪૫ વાગે સાળંગપરડા ગામે પોતાની રહેણાંકી ઝુપડાની બાજુમાં આવેલ બાવળની કાંટમાં પોતાના ભોગવટામાંથી ગે.કા. રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ લી.૦૮ કિંમત રૂા.૧૬૦૦/–નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેડ દરમિયાન હાજર નહી મળી આવી ગુનો કરેલ હોય, ગુજરાત પ્રોહીબીશન એકટની **કલમ–૬૫(એ)(એ)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા બાબતે આ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ−૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આંક−૦૪ થી આરોપી વિરૂધ્ધ શિક્ષાપાત્ર ગુના અંગે તહોમતનામું ફરમાવી, વાંચી, સમજાવી આંક−૦૫ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે આથી બાકીની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | પંચ સાહેદ અજયભાઈ ભરતભાઈ સેખલીયાની જુબાની. | ૦૬ |
| (૨) | પંચ સાહેદ પ્રભાતભાઈ શાંતિભાઈ શેખલીયાની જુબાની. | ૦૮ |

| **અનું.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | પંચનામું. | ૦૭ |
| (૨) | ફરીયાદ | ૦૯ |
| (૩) | એફ.એસ.એલ.રીપોર્ટ. | ૧૦ |

(૪) આમ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ−૨૭૮ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમાં તેઓની સામે ખોટી ફરીયાદ કરેલ હોય તેમજ ત.ક.અમલદાર દવારા ખોટી ચાર્જશીટ કરેલ હોય તેઓ નિર્દોષ હોય,કોઈ ગુન્હો કરેલ ના હોય તેઓને નિદોર્ષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) આ કામતે પુરાવો પુરો થયા બાદ સરકારશ્રી તરફે એપીપીશ્રીની તથા આરોપીના વિ.વકીલશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે

(૬) આ કેસની ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**−:: મુદ્દા ::−**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૧/૧૦/૨૫ ના રોજ કલાક ૧૭−૪૫ વાગે સાળંગપરડા ગામે પોતાની રહેણાંકી ઝુપડાની બાજુમાં આવેલ બાવળની કાંટમાં પોતાના ભોગવટામાંથી ગે.કા. રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ લી.૦૮ કિંમત રૂા.૧૬૦૦/−નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેડ દરમિયાન હાજર નહી મળી

આવી ગુનો કરેલ હોય, ગુજરાત પ્રોહીબીશન એકટની **કલમ–૬૫(એ)(એ)** મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્રા અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૯) મુદ્દા નંબર ૧ તથા ૨ સંયુકત ::–

આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા ફરીયાદપક્ષે આ કામની ફરીયાદી રજુ થયેલ છે જે વંચાણે લેતા બનાવ વખતે આ કામના ફરીયાદીને બાતમી મળેલ કે, સાળંગપરડા ગામે દે.પુ.વાસ વિસ્તારમાં રહેતા આ કામના આરોપી પ્રકાશભાઈ ઉર્ફે પકો ગોવિંદભાઈ ઘરોળીયા પોતાના રહેણાંકના મકાનની બાજુમાં આવેલ બાવળની વાડમાં દેશી પીવાનો દારૂ સંતાડી રાખી વેચાણ કરે છે. જેથી બે પંચોને બોલાવી બાતમી હકીકતવાળી જગ્યાએ રેડ કરતા આ કામના આરોપી હાજર મળી આવેલ નહી અને બાતમીવાળી જગ્યાએ પંચો રુબરુ તપાસ કરતા દેશી દારૂ લી.૦૮ કિંમત રૂા.૧૬૦૦/– નો મળી આવેલ જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ આ બનાવની ફરીયાદ આપેલી હતી.આમ ફરિયાદ મુજબ બનાવ સમયે તેઓની સાથે પંચ સાહેદો હતા અને તેઓની હાજરી માં જ મુદામાલ કબજે કરવાની કાર્યેવાહી કરવામાં આવેલી છે પરંતુ તેમનો પુરાવો જોતા પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકતો જણાવેલ છે અને પોલીસે તેઓની રૂબરૂ કોઈ વસ્તુ કબજે કરેલ ન હોવાની હકીકતો જણાવેલ છે,વધુમાં ફરીયાદ મુજબ પ્રથમ પંચનામું કરવામાં આવેલ છે અને બાદમાં ફરિયાદ આપવામાં આવેલ છે તેમ છતાં તેઓના નામો ફરિયાદમાં જણાવામાં આવેલ નથી જે બાબત સાથે પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ખરેખર આ કામના પંચસાહેદોની હાજરીમાં રેડ કરવામાં આવેલ હોવાની અને આરોપીના કબજમાંથી દેશી દારૂ કબજે કરવામાં આવેલ અને પંચનામાની વિગતે કહેવાતો મુદ્દામાલ પોલીસે પંચો રૂબરૂ કબજે કર્યાની હકીકત શંકા ઉપજાવે છે.

(૧૦)વધુમાં આ કામના બનાવવાળી જગ્યા એ આજુબાજુમાં રહેણાકના ઘરો તથા જાહેર રસ્તો આવેલા હોવાનું જણાય છે તેમ છતા આ કામે ત.ક.અમલદાર દવારા પોલીસ સાહેદ સીવાય બીજા

કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી જો કે, દરેક કેસમાં પોલીસ સાહેદ સિવાય સ્વતંત્ર સાહેદો નો પુરાવો રજૂ થવો જ જોઈએ તેવુ જરૂરી નથી પરંતું જયારે બનાવવાળી જગ્યાની આજુબાજુમાં પોલીસ સાહેદ સિવાયના સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોય તેમ છતાં કોઈ સાહેદોના નિવેદન કે પુરાવો રજૂ કરવામાં ન આવે ત્યારે આ બાબત ફરિયાદપક્ષના કેસમાં શંકા ચોકકસથી ઉપસ્થિત કરે છે. આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર સાહેદો મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે જેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી એવો કોઈ મૌખીક પુરાવો પોતાની જુબાનીમાં આપેલ નથી અને ફકત તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકતો જણાવેલ છે તેમજ આ કામે બનાવવાળી જગ્યા આ કામના આરોપીની માલીકી કે કબજા ભોગવટાની હોવા નો પણ કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના સમર્થન વગર ફકત ફરિયાદ તથા પોલીસના પુરાવા આધારે આ કામના આરોપીના પોતાના કબજા ભોગવટામાંથી દેશી દારૂ મળી આવેલ હોવાનું પણ શંકાસ્પદ જણાય છે ત્યારે આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલાનુ માની શકાય નહીં.

(૧૧)વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશનના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપી ની તરફેણમાં આપવાનો હોય છે વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશન પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં અને ફરિયાદપક્ષના કેસમાં રહેલ આવી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે.આમ ઉપરોકત તમામ હકીકતો સાથે આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોનો પુરાવો જોતા આરોપીના પોતાના કબજામાંથી દેશી દારૂ આવેલ હોવાનું શંકા ઉપજાવે છે,આમ ફરીયાદપક્ષ તરફે જે પુરાવા રજુ છે તેનાથી આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો ન હોઈ આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવો ન્યાયના હિતમાં યોગ્ય જણાય છે અને તેથી મુદાનં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદાનં.ર લગત નીચે મુજબનો આખરી શુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની **કલમ-૬૫(એ)(એ),**મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહીબીશનના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન તરીકે અપીલ સમય સુધી ચાલું રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: ગઢડા
તારીખ:૧૩/૦૫/૨૦૨૬

( હિતેશકુમાર અમરભાઈ મકા )
જ્યુડી.મેજી.ફ.ક.ગઢડા
Judge Code No-GJ01459